ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરની ખાનગી હોસ્પિટલમાં નોન-કોવીડ દર્દીઓ નહીવત

ગાંધીનગર, તા.૨૫
સમગ્ર રાજયમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે. રાજયમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૫૫ હજારની આસપાસ છે. ત્યારે પાટનગરમાં પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૧૪૦૦ થવા આવ્યો છે. ત્યારે કોરોનાના ભયને પગલે નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે અને કામ વિના બહાર નીકળતા નથી. ત્યારે શહેરની ખાનગી કોવીડ હોસ્પિટલ કોરોના પોઝીટીવ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે શહેરની ખાનગી નોન-કોવીડ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો નહીવત જોવા મળે છે. હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં ૪૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

છેલ્લા કેટલાક સમયથી કોરોના ને પગલે વેપાર-રોજગાર ઠપ્પ થઈ ગયા છે. નોકરી અને ધંધા બંધ થવાને પગલે કેટલાક પરિવારોમાં આર્થિક સંકળામણ ઉભી થવા પામી છે. કોરોનાની અસર દરેક વેપાર પર થઈ છે જેથી વેપારીઓની આર્થિક કમર તુટી ગઈ છે. ત્યારે કોરોનાની અસર મેડીકલ ક્ષેત્રે પણ થઈ છે. જેમાં કોવીડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને પગલે ધમધમી રહી છે. પરંતુ નોન-કોવીડ હોસ્પિટલમાં ગણ્યાં-ગાંઠ્યા દર્દીઓ નજરે પડે છે. સ્ટાફના કર્મચારીઓ હોસ્પિટલમાં આંટાફેરા મારતા નજરે પડે છે. શહેરની ખાનગી હોસ્પિટલમાં રોજની જેટલી સર્જરી થતી હતી, તેટલી સર્જરી હાલના સમયે પખવાડીયામાં પણ થતી નથી. હોસ્પિટલમાં ડોકટરોના ત્યાં દર્દીઓની લાગતી લાંબી લાઈનોના સ્થાને ગણતરીના દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં ૪૦ ટકા જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે. શહેરમાં નોન-કોવીડ હોસ્પિટલ કાર્યરત છે, પરંતુ શહેરીજનો કોરોનાના ભયનો કારણે હોસ્પિટલ સુધી જતા ડર અનુભવી રહ્યા છે. જે હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતરો જોવા મળતી હતી અને અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી પડતી હતી. તેવી હોસ્પિટલ દર્દીઓની રાહ જોઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. સ્ટાફના કર્મચારીઓ અને ગણતરીના દર્દીઓ સિવાય હોસ્પિટલ માં કોઈ જોવા મળતુ નથી. ત્યારે કોરોનાની અસર પણ અન્ય વેપાર-ધંધાની જેમ મેડીકલ ક્ષેત્રે મોટા પ્રમાણમાં થઈ હોય તેમ લાગી રહ્યું છે.

# ચોરીના કેસમાં ચાર વર્ષથી નાસતી ફરતી મહિલા ઝડપાઈ




ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેરમાં ચાર વર્ષ અગાઉ વાહનમાં બેસાડીને મુસાફરની નજર ચુકવીને દાગીનાની ચોરી કરનાર ટોળકીમાં સામેલ મહિલાને એલસીબી પોલીસે પકડી પાડી છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે એએસઆઈ હજારીસિંહ તેમજ હે.કો.ભવાનસિંહને બાતમી મળી હતી. જેથી પોલીસે વિભાબેન રત્નામભાઈ પટેલ (રહે.શાલીન હાઈટ્સ હાથીજણ) ને તેના ઘરેથી પકડી પાડી હતી.પોલીસે મહિલાની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે કબુલાત કરી હતી કે વર્ષ ૨૦૧૬માં તેણે પોતાના મિત્ર ધર્મેન્દ્રસિંહ દરબાર તેમજ અન્ય શખ્સો સામે મળી બોલેરોમાં એક મહિલા અને છોકરીને મુસાફર તરીકે બેસાડ્યા હતા. ત્યારબાદ આરોપી વિભાબેન મહિલાની નજર ચુકવીને દાગીના ચોરી લીધા હતા. બનાવ અંગે સે-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જે કેસમાં મહિલા ચાર વર્ષથી ભાગતી ફરતી હતી. જેથી પોલીસે તેને પકડી પાડી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# અમિત શાહે વીડિયો કોન્ફરન્સથી કુંભાર સમુદાયના લોકોને વિદ્યુત ચાકનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા. ૨૫
ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીથી આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુંભાર સમુદાયના લોકોને 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત કુંભાર સમુદાયના લોકોના સશક્તિકરણ માટે અને તેઓ આત્મનિર્ભર બને તે હેતુસર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કાર્યરત 'કુંભાર સશક્તિકરણ યોજના' હેઠળ ૧૦૦ જેટલા પ્રશિક્ષિત કારીગરોને આ વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, મને આશા છે કે આયોગ વંચિતો અને નબળા વર્ગોના સશક્તિકરણ માટે સાતત્યપૂર્ણ રીતે તેના પ્રયાસો ચાલુ રાખશે અને આ 'કુંભાર સશક્તિકરણ યોજના' સમગ્ર કુંભાર સમુદાયને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ભારતીય શિલ્પકલાના વાહક આપણા કુંભાર સમુદાયના ભાઈઓ-બહેનોને વર્તમાન ટેકનિક સાથે જોડીને તેમનું જીવન સરળ બનાવી શકાય છે અને તેની ઉત્પાદન ક્ષમતા પણ વધારી શકીએ છીએ. 'કુંભાર સશક્તિકરણ યોજના' દ્વારા માટીના વાસણો ની પારંપરિક કલાને પુનર્જીવિત કરવાની સાથે સીમાંત કુંભાર સમુદાયને મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કામગીરી થઈ રહી છે, જે આ સમુદાય વિશેષને સશક્ત કરવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના કુંભાર સમુદાય માટે આ વિદ્યુત ચાક એક અમુલ્ય ભેટ છે. ઉલ્લેખનીય છે કે, ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામડાઓમાં પ્રજાપતિ સમુદાયના ૧૦૦ લોકોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે અને ૧૦૦ ઈલેક્ટ્રીક મશીન તથા ૧૦ બ્લેઝર મશીનનું વિતરણ કરાયું છે.

# સમસ્ત જનસારી સમાજ દ્વારા સમાજના બાળકો માટે વિના મુલ્યે ચોપડા વિતરણ



સમસ્ત જનસારી જનક્ષેત્રિય મોચી સમાજ દ્વારા જણાવાયું છે કે, સમાજના સભ્યોના ધો-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે માર્કશીટ આપી ૬ નંગ ચોપડા સે-૨૪ સ્થિત આસ્થા ફુટવેરમાંથી મેળવી તા. ૨૫ જુલાઈથી ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન મેળવી લેવા. ઉલ્લેખનીય છે કે ઉપરાંત સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર ચૌહાણ અને મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા જણાવાયું છે કે કોવિડ-૧૯ના સુરક્ષાના નિયમોનું પાલન કરીને જ તમામે સહયોગ આપવો તથા સોમવારે રજા રહેશે.



ગાંધીનગરમાં આવર્ષે સારો કહી શકાય તેવો વરસાદ પડી રહ્યો છે. દરરોજ એકાદ મોટું ઝાપટું પડી જતાં શહેરમાં ઠેર ઠેરા પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. ખાસ કરીને કોમન પ્લોટ વિસ્તારમાં જાણે નાનકડું તળાવ સર્જાયું હોય તેવા દશ્યો જોવા મળી જાય છે. પાણીના નિકાલ માટે સેકટરે સેકટરે ભલે પાઈપલાઈન નાંખવામાં આવી હોય પરંતુ તેનાથી કોઈ ફાયદા કરતા નુકશાન વધુ થઈ રહ્યું છે.

# વાવોલમાંથી બે યુવકો વિદેશી દારૂની ૯ બોટલ સાથે ઝડપાયા

ગાંધીનગર. તા.૨૫
ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં બે યુવકોને વિદેશી દારુની ૯ બોટલ સાથે સેકટર-૭ પોલીસે પકડી પાડ્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે વાવોલ ગામે બે યુવાનો દારુનો જથ્થો રાખી છુટક વેચાણ કરે છે. જેથી પોલીસે વાવોલના જગદીશ છગનભાઈ રાવળ (રહે.વાવોલ રાવળવાસ), તેમજ સુનિલ ઈશ્વર દેસાઈ (વાવોલ તળાવની બાજુમાં), ને પકડી પાડ્યા હતા. પોલીસે બંને યુવકો પાસેથી વિદેશી દારુની ૯ બોટલ મળી આવી હતી. પોલીસે ૯ બોટલ દારુ અને ૨ મોબાઈલ મળીને કુલ રૂ.૨૯,૪૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓનલાઈન ફુડ ઓર્ડરમાં સેફટી ટેગને અગ્રતા

**ફુડ એપ્લીકેશનમાં જે રેસ્ટોરન્ટ દ્વારા કોવિડ-૧૯ સંદર્ભે પુરતા પગલા લેવાઈ રહ્યા છે તે રેસ્ટોરન્ટની સાથે સેફટી ટેગ જોવા મળ્યું છે અને નગરજનો આ તમામ રેસ્ટોરન્ટ પર ટ્રસ્ટ મુકી ઓનલાઈન ફુડ ઓર્ડર કરી રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૫
નગરમાં કોરોનાને કારણે ઘરની બહાર નીકળતા નગરજનો સંકોચ અનુભવે છે ત્યારે રેસ્ટોરન્ટ ધારકો અને હોટલધારકો સાથે નાના મોટા ખાણી-પીણીનો ધંધો કરનાર તમામ હાલ ઘરાકી ન હોવાને લીધે ચિંતામાં છે. પ્રત્યક્ષ નહિ પણ ઓનલાઈન ખરીદી કરતા પણ નગરજનો સેફટી મેઝર સાથે અનેક બાબતોની સંભાળ રેસ્ટોરન્ટ દ્વારા રખાય છે કે નહિ તે ધ્યાનમાં લઈને જ ઓનલાઈન ફૂડ ઓર્ડર કરી રહ્યા છે ત્યારે હાલ ઓનલાઈન સ્વીગી, ઝોમેટો જેવી એપ્લીકેશનમાં દરેક રેસ્ટોરન્ટના નામ સાથે જે રેસ્ટોરન્ટમાં પુરતી સેફટી રખાતી હોય ત્યાં બેસ્ટ સેફટીનું ટેગ લગાડવામાં આવ્યુ છે એટલે કે ઓનલાઈન રેસ્ટોરન્ટનું નામ શોધી સ્વાઈપ અપ કરતા અમુક રેસ્ટોરન્ટની આગળ બેસ્ટ સેફટીનું ટેગ એપ્લીકેશન ધારકો દ્વારા આપવામાં આવ્યું છે જે દર્શાવે છે કે રેસ્ટોરન્ટમાં કોરોના સંદર્ભે સુરક્ષાના પગલા લેવાઈ રહ્યા છે.

# સાસરીયાઓ સામે શારીરીક-માનસિક ત્રાસની મહિલાની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૫
પતિ, સાસુ, જેઠ-જેઠાણી, દિયર અને નણંદ પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી પરિણિતાને ગડદા-પાટુનો માર મારી તેણીના ભાઈ અને માતાને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહિલાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ એ ન્યું ખાતે રહેતી ફરીયાદી મહિલા નિલમના લગ્ન ચૌદ વર્ષ પહેલા સોગઠી વાસણા ગામના ધીરજ મણીલાલ સોલંકી સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા. ત્યારબાદ સંયુકત પરિવારમાં અમદાવાદ સાસરી ખાતે રહેતી હતી. લગ્ન જીવન દરમિયાન મહિલાએ દિકરીને જન્મ આપ્યો હતો.ત્યારબાદ મહિલાને સાસરી પક્ષ દ્વારા અવાર-નવાર મેણા ટોણા મારીને શારીરીક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ત્યારપછી ગાંધીનગર ખાતે પિયર આવી ગઈ હતી, જયારે સમાજના આગેવાનોની સમજાવટથી સંસાર ન બગડે તેથી સાસરીમાં પરત ફરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં બીજી દિકરીનો જન્મ થયો હતો. જેથી સાસરીયાઓની હેરાનગતિ વધી ગઈ હતી. જેથી ફરીયાદી મહિલાના માતા અને ભાઈ અમદાવાદ ખાતે ગયા હતા અને મહિલાના પતિ, સાસુ, જેઠને શારીરીક અને માનસિક ત્રાસ અંગે વાત કરતા જ પરિણીતાના ભાઈ અને માતાને પણ મારી નાંખવાની ધમકી આપી ચાલી જવા માટે કહ્યું હતું. જેથી પરિણિતા પોતાના માતા અને ભાઈ સાથે પિયર ગાંધીનગર આવી ગઈ છે. પરિણિતાએ અમદાવાદ ખાતે રહેતા સાસરીપક્ષના નાગરીકો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. ભરવાડ સાદુલભાઈ હમિરભાઈ, ઉ.વ. ૫૫, ગોકુલપુરા, સેકટર-૧૪
- સ્વ. ઠાકર બળદેવભાઈ રઘુનાથરાય, ઉ.વ. ૮૪, કિસાનનગર, સેકટર-૨૬
- સ્વ. મકવાણા ચેહુજી ભવાનજી, ઉ.વ. ૬૩, આદીવાડા, સેકટર-૨૮
- સ્વ. ચૌહાણ ગીતાબેન બીપીનભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૨૫, ગાંધીનગર
- સ્વ. દરજી દિનેશચંદ્ર ડાહ્યાલાલ, ઉ.વ. ૭૩, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ડાહીબેન મથુરજી ઠાકોર, ઉ.વ. ૬૮, મુ. પેથાપુર, ગાંધીનગર
- સ્વ. નારાયણભાઈ ત્રિભોવનદાસ પટેલ, ઉ.વ. ૭૫, સેકટર-૨૭, ગાંધીનગર

# સરકાર ખાનગી શાળાઓને હસ્તગત કરવાની હિંમત બતાવી શકશે ખરી....?

દેશમાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કરવા તરફ આગળ વધી રહ્યો છે..... સરકારે કોરોના સાંકળ તોડવા માટે કર્ફ્યુ અને લાંબા સમયનુ લોકડાઉન લાગુ કરવા સહિતના પગલા લીધા... જેને કારણે મોટાભાગના દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો, નાના-મોટા માર્કેટો, ધંધા-રોજગાર બંધ રહ્યા પરિણામે અનેક લોકોની આવક બંધ થવા સાથે કરોડો લોકોએ રોજગારી ગુમાવી દીધી. પછીથી અન લોક જાહેર કર્યા બાદ સરકારે અનેક છૂટછાટો આપી અને નાના-મોટા ઔદ્યોગિક એકમો, માર્કેટો સાથે રોજગાર ધંધા પણ ખૂલી ગયા. તેની સાથે મોંઘવારી પણ વધવા લાગી આજે મોંઘવારીએ માઝા મૂકી છે. પરિણામે આમ પ્રજા મુશ્કેલીમાં મુકાઈ જવા પામી છે. લોકોના ખિસ્સા ખાલી છે પરિણામે બજારોમાં ખરીદારો દેખાતા નથી કે પછી નહિવત દેખાય છે... સરકારે એનપીએ માફ કરવા સાથે મોટા ઉદ્યોગોને મોટા પ્રમાણમાં લોન તથા આર્થિક સહાય કરી. પરંતુ જેના થકી બજારો ધમધમતા રહે છે દરેક બજારોમાં ઝગમગતા રહે છે તેવા શ્રમજીવી વર્ગ, મધ્યમ વર્ગ, લોઅર મધ્યમ વર્ગ, રોજમદારો કે ગરીબોને કોઈપણ પ્રકારની સિધે સિધી આર્થિક સહાય આપી નહીં....પરિણામે મોટાભાગના શ્રમજીવીઓ, રોજમદારો સહિતના વર્ગોને તેમના પરિવારોને ખાવા-પીવા સહિતની વિષમ પરિસ્થિતિ ઊભી થતા વતનની વાટ પકડી લીધી. હવે સરકારે હર્ષોલ્લા સાથે જ તમામ પ્રકારના ધંધા રોજગારની છૂટ આપી દીધી... દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો ખુલી ગયા છે ખરા.... પરંતુ તેમના મશીનો અને જરૂરી મહેનતના કામો બંધ છે કારણ તેમના ઉદ્યોગોમાં કામ કરનારા વતનથી આવવા હાલના સમયમા તૈયાર નથી.....!! અને કદાચ આવે તો દિવાળી પછી તેવી પરિસ્થિતી પેદા થઈ ગઈ છે....તો લોકોને પગાર કે કામના પૈસા મળે ત્યારે બજારમાં રોનક આવે એટલે બજારોમા નાણાંની હેર ફેર નથી દેખાઈ રહી.... ત્યારે સરકારે પોતાની જરૂરિયાત પૂરી કરવા આમ પ્રજાના પૈસાથી સરકારે ઉભા જાહેર સાહસો વેચવાની શરૂઆત કરી દીધી છે..... પરંતુ નવરત્ન જેવા જાહેર સાહસોની પુરે પુરી કિંમત મળતી નથી અને જો આ તમામ જાહેર સાહસો વેચાઈ જાય પછી સરકાર શું કરશે....? તેનાથી પ્રજામાં અનેક શંકા કુશંકાઓ ફરી વળી છે....!તાજેતરમા વિવિધ કૃષિ ઉત્પાદનો બજારમાં આવતા માર્કેટમાં થોડી ચમક આવી છે. લોકોમાં પૈસો હરતો ફરતો થયો છે પરંતુ સિઝન પૂરી થયા પછી શું......? જાહેર સાહસો વેચાઈ ગયા પછી યુવાનો માટે સરકારી નોકરીઓ હશે નહીં. દેશમાં ટેલેન્ટ માટે કોઈ પ્લેટફોર્મ ઉભા થયા નથી કે કરવામા આવ્યા નથી તો પછી દેશના ટેલેન્ટો આને દેશની હાલત કેવી થશે.....?

તાજેતરમાં એક તરફ કોર્ટે ચૂકાદો આપ્યો કે શાળાઓ શરૂ ન થાય ત્યાં સુધી ક્લાસ ફી કે અન્ય કોઈ પણ પ્રકારની ફી લઈ શકશે નહીં. અને એજ સમયમાં ગુજરાત સરકારે પણ સ્કૂલો શરૂ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ ફી માફી જાહેર કરી દીધી છે. જેની સામે શાળા સંચાલકોએ અને મંડળે સરકાર સામે ચેલેન્જ કરતા ઓનલાઈન શિક્ષણ આપશે નહીં તેવી જાહેરાત કરી. તો સામે સરકારે ધોરણ ૩ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું આયોજન પણ કરી નાખ્યુ.... પરંતુ જે લોકોને શાળા શરૂ કરવા સરકાર મંજુરી આપે એજ લોકો સરકારને ચેલેન્જ આપે અને ગુજરાત સરકાર શાળા ટ્રસ્ટ કે સંચાલકો સામે આકરા પગલાં ન ભર્યા તેનાથી લોકોમાં આશ્ચર્ય સાથે અનેક શંકા-કુશંકાઓ અને સવાલો આમ પ્રજામાં ફરી વળ્યા છે. દેશના અન્ય રાજ્યોની શિક્ષણ નીતિ જોઈએ તો ઝારખંડ સરકારે સરકારી શાળાઓને વિશેષ મહત્વ આપ્યું છે અને તેની સ્પષ્ટતા છે કે સરકારી શાળામાં ભણેલાઓનેજ સરકારી નોકરીમાં સ્થાન આપવામાં આવશે.... તો રાજસ્થાન સરકારે ફી માફી આપી અને ત્યાં કોઈએ પણ સરકાર સામે ચુ...ચા ન કરી.જોકે ગુજરાતમાં માનવીય અભિગમ ધરાવતી ૨૨ જેટલી શાળાઓ એ સ્વયં ફી માફી આપી અને વાલીઓને રાહત આપી..... ત્યારે સૌથી અગત્યનું પગલું તો દિલ્હી રાજ્ય સરકારે બે-અઢી વર્ષ પહેલા ખાનગી શાળાઓ હસ્તગત કરવા સાથે તેને આધુનિક બનાવી દીધી અને શાળા ટ્રસ્ટ સંચાલકોને ઘરભેગા કરી દીધા તે છે... આ શાળાઓનો અભ્યાસ કરવા અમેરિકા સહિતના કેટલાક દેશો પણ મુલાકાતે આવે છે જે ત્યાંના શિક્ષણની સરકારની પ્રજાકિય મોટી ઉપલબ્ધી છે. તો શું ગુજરાત સરકાર ખાનગી શાળાઓને હસ્તગત કરી તેના ટ્રસ્ટીઓ અને સંચાલકોને સીધા દોર નથી કરી શકતી....? દિલ્હી રાજ્યની શાળાઓની જેમ આયોજન નથી કરી શકતી....? સરકારે જેને મંજૂરી આપી,ગ્રાન્ટ આપી, બેફામ ફી લેવા દીધી અને માલે તુજાર બનવા દીધા...ત્યાર પછી હવે ગુજરાતના બાળકોનું - વિદ્યાર્થીઓના ભાવીને અંધકારમય બનાવી દે તે રીતે સરકાર સામે શિંગડા ભરાવી તેનો અર્થ શું....?શુ સરકાર તેના મળતિયાઓ ખાનગી શાળાઓથી ધરોબો ધરાવે છે....?! એટલે સરકારે આકરા પગલાં ભરતી નથી....? ખરેખર કારણ શું છે તેવા સવાલો વાલીઓમા ઉભા થવા સાથે સવાલો પણ ઉદભવ્યા છે કે શાળા સંચાલકો સરકારનો આદેશ ન માને અને સામે શિંગડા ભરાવી વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરે તે દેશદ્રોહ કે રાજદ્રોહ ન કહેવાય....? રૂપાણી સરકાર સાથે આમ પ્રજા છે પછી આકરા પગલાં ભરવાથી શા માટે ડરે છે.....?રૂપાણી સરકાર કેજરીવાલ સરકારના રસ્તે ચાલો અને ખાનગી શાળાઓ સરકાર હસ્તક કરો એટલે શાળા માફીયાઓની બોલતી બંધ થઈ જશે અને તેમની શાન ઠેકાણે આવશે....! ગુજરાત સરકાર ખાનગી શાળાઓ હસ્તગત કરવા એક્શનમા આવશે કે કેમ....? તેવો પ્રશ્ન ગુજરાતભરમાં ઘુમરાઈ રહ્યો છે તે સાથે સરકાર ખાનગી શાળાઓને હસ્તગત કરવાની હિંમત બતાવી શકશે ખરી....? તેવો સવાલ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે.....!?